Email : navgamsamaj@gmail.com

॥ શ્રી સિધ્ધાંબિકાય નમઃ ॥

ટ્રસ્ટ રજી. નં. A-855 / પાટણ (1-2-2005)

# શ્રી નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ સમાજ

B-૧૬, મારૂતિ કોમ્પલેક્ષ, સિધ્ધરાજ જયસિંહ રોડ, સિધ્ધપુર - ૩૮૪ ૧૫૧ ફોન : 02767-220770

**☸ For Office Use ☸**

Fee Receipt No. : ________ Date ________

Admission Date : ☐☐ ☐☐ ☐☐☐☐

Risk Date : ☐☐ ☐☐ ☐☐☐☐

## નવગામ સુરક્ષા સ્કીમ (NSS)

## અરજી પત્રક

MEMBERSHIP No. ☐☐☐☐☐☐☐

DATE : ☐☐ ☐☐ ☐☐☐☐

સભ્યનું નામ :
શ્રી/શ્રીમતી/કુમારી
અટક — નામ — પિતા/પતિનું નામ

સગીર સભ્ય માટે
વાલીનું નામ :
શ્રી/શ્રીમતી/કુમારી
અટક — નામ — પિતા/પતિનું નામ

સરનામું :

પીન

ફોનઃ (R) — Mob. (ફરજીયાત) — જન્મ તારીખ : (ફરજીયાત)

ઉંમર : — મુળ વતન — Email: (ફરજીયાત)

સભ્યનો
ફોટો
(ફરજીયાત)

## ☸ નોમીનેશન ☸

**પ્રથમ નોમીની**

નામ : ________

સભ્યનો નોમીની સાથેનો સંબંધ : ________ ઉંમરઃ ____

નોમીની સગીર હોયતો વાલીનું નામ : ________

સરનામું : ________ ☐☐☐☐☐☐

નોમીનીની સહી :

**દ્વિતિય નોમીની**

નામ : ________

સભ્યનો નોમીની સાથેનો સંબંધ : ________ ઉંમરઃ ____

નોમીની સગીર હોયતો વાલીનું નામ : ________

સરનામું : ________ ☐☐☐☐☐☐

નોમીનીની સહી :

● જ્ઞાતિ સમાજના સભ્ય દ્વારા ઓળખાણ :- ________ ના પુત્રી ☐ જમાઇ ☐ ના બહેન ☐ બનેવી ☐
(અન્ય જ્ઞાતિમાં પરણાવેલ બેન/દીકરીઓ માટે) (જ્ઞાતિની હયાત વ્યક્તિનું નામ)

## ☸ નવગામ સુરક્ષા સ્કીમ - ભરવાની રકમ (સભ્ય ફી તા. ૩૧-૦૩-૨૦૧૬ સુધીમાં સભ્ય થનાર માટે) ☸

| ક્રમ | વિગત | રજી. ફી | સભ્ય ફી | ADFC રકમ | કુલ રકમ | ભરવાની કુલ રકમ |
|---|---|---|---|---|---|---|
| ૧ | સામાજીક સુરક્ષા યોજનાના આજીવન સભ્યો માટે (જુની સામાજીક સુરક્ષા યોજના મુજબ) | ૧૦૦/- | ૫૦૦/- | ૧,૦૦૦/- | ૧,૬૦૦/- | --- |
| ૨ | સામાજીક સુરક્ષા યોજનાના વાર્ષિક સભ્યો માટે (જુની સામાજીક સુરક્ષા યોજના મુજબ) | ૧૦૦/- | ૫૦૦/- | ૧,૦૦૦/- | ૧,૬૦૦/- | ૧,૫૦૦/- |
| ૩ | નવા સભ્યો માટે (૧૦ વર્ષ થી ૬૦ વર્ષ સુધીના સભ્યો માટે) (તા. ૩૧-૦૩-૨૦૧૬ સુધીમાં સભ્ય થનાર માટે) | ૧૦૦/- | ૫૦૦/- | ૧,૦૦૦/- | ૧,૬૦૦/- | ૧,૬૦૦/- |
| ૪ | નવા સભ્યો માટે (૧૦ વર્ષ થી ૬૦ વર્ષ સુધીના સભ્યો માટે) (તા. ૦૧-૦૪-૨૦૧૬ બાદ સભ્ય થનાર માટે) | ૧૦૦/- | | ૧,૦૦૦/- | | |
| અંકે રૂા. | | | | ભરેલ કુલ રકમ રૂા. | | |

ચેક/ડ્રાફ્ટ નં. ________ બેંક ________ તારીખ ________

ઉપરોક્ત સભ્ય ફી તા. ૩૧-૦૩-૨૦૧૬ સુધીમાં સભ્ય થનાર માટે જ લાગુ પડશે. તા. ૦૧-૦૪-૨૦૧૬ બાદ સભ્ય થનારે નવગામ સુરક્ષા સ્કીમમાં દર્શાવ્યા મુજબ સભ્ય ફી ભરવાની રહેશે. જુની સામાજીક સુરક્ષા યોજના મુજબના આજીવન સભ્યોએ કોઇ જ રકમ ભરવાની રહેશે નહીં, તેમણે માત્ર અરજીપત્રક ભરીને, માંગેલ પૂરાવા આપવાના રહેશે.

જન્મતારીખ તથા સરનામાંના પૂરાવા માટે નીચે દર્શાવેલ કોઈપણ એક-એક પૂરાવો સામેલ કરવો.

● જન્મતારીખ : પાનકાર્ડ ☐ બર્થ સર્ટીફીકેટ ☐ ડ્રાઈવીંગ લાઇસન્સ ☐ પાસપોર્ટ ☐ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ ☐ ________ ☐

● સરનામા : ટેલીફોન બીલ ☐ આધારકાર્ડ ☐ લાઇટબીલ ☐ રેશનકાર્ડ ☐ ડ્રાઇવીંગ લાઇસન્સ ☐ પાસપોર્ટ ☐ ________ ☐

આથી હું જાહેર કરૂં છું કે, આ ફોર્મમાં જણાવેલ વિગતો સાચી છે, અને ટ્રસ્ટ / જ્ઞાતિ દ્વારા નવગામ સુરક્ષા સ્કીમ અને સભ્યોના વિશાળ હિતમાં લેવાયેલ વખતો વખતના નિર્ણયો અને ફેરફારો મને કબૂલ મંજૂર અને બંધનકર્તા રહેશે.

**☸ For Office Use ☸**

અરજી ફોર્મ સ્વીકાર્ય : હા ☐ ના ☐

નવગામ સુરક્ષા સ્કીમ - કમીટી સભ્ય
શ્રી નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ સમાજ

પ્રથમ
નોમીનીનો
ફોટો
(ફરજીયાત)

દ્વિતિય
નોમીનીનો
ફોટો
(ફરજીયાત)

સભ્ય/વાલીની સહી

નોંધ : નવગામ સુરક્ષા સ્કીમનો ચેક "શ્રી નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ સમાજ"ના નામનો લખવો.

# ★ નવગામ સુરક્ષા સ્કીમ (NSS) ★ - સામાન્ય નીતિ નિયમો

***(૧) આ યોજનાનું નામ "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" રહેશે.***
***(૨) આ યોજનાની શરૂઆત તા. ૦૧-૦૪-૨૦૧૬ થી થયેલ ગણાશે.***
***(૩) આ યોજનામાં સભ્યપદ થવા માટેની લાયકાત :-***

**(A)** *આ યોજનામાં નવગામ જ્ઞાતિના ભારતમાં કે પરદેશમાં વસતાં હોય તેવા* ***તા. ૦૧-૦૧-૨૦૧૬ ના રોજ ૧૦ વર્ષ પૂર્ણ થયેલ હોય તેવા બાળક-સ્ત્રી-પુરૂષ તથા ઉપરોક્ત તારીખે ૬૦ વર્ષ પૂર્ણ ન થયેલ હોય, તેવા સ્ત્રી - પુરૂષ સભ્ય*** *થઈ શકશે.* **(B)** *આ યોજનામાં* ***નવગામ જ્ઞાતિ બહાર પરણાવેલ બેન દિકરીઓ તથા જમાઈ ઉપરોક્ત વય મર્યાદામાં સભ્ય*** *થઈ શકશે.* **(C)** *આ યોજનામાં અગાઉની સામાજીક સુરક્ષા યોજના હેઠળ નોંધાયેલ આજીવન સભ્ય આપોઆપ સભ્ય થયેલ ગણાશે, માત્ર તેમણે આ યોજનાનું નવિન ફોર્મ ભરવું પડશે, તેમને ઉપરોક્ત વય મર્યાદા લાગુ પડશે નહીં.* **(D)** *આ યોજનામાં અગાઉની સામાજીક સુરક્ષા યોજના હેઠળ નોંધાયેલ વાર્ષિક સભ્યો પૈકી ૬૦ વર્ષથી વધુ ઉંમર થયેલ છે, પરંતુ તેમણે છેલ્લા કેટલાક વર્ષ દરમ્યાનની વાર્ષિક સભ્ય ફી કોઈપણ કારણસર ભરેલ નથી, તેઓ જો જ્ઞાતિ સમાજના રેકોર્ડ મુજબની બાકી નીકળતી વાર્ષિક ફીની રકમ ભરવા તૈયાર હશે, તો તેઓ આપોઆપ નવિન સભ્ય તરીકેનું ફોર્મ ભરીને સભ્ય બની શકશે, અને તેમને ઉપરોક્ત વયમર્યાદા લાગુ પડશે નહીં.* **(E)** *આ યોજનામાં નવગામ જ્ઞાતિના ૫૫ વર્ષ કે તેથી વધુ પરંતુ ૬૦ વર્ષ સુધીની વય ધરાવનાર નવિન સભ્યે, પોતાના કુટુંબમાંથી ૧૦ વર્ષથી વધુ ઉંમરના ઓછામાં ઓછા બે નવિન સભ્યો બનાવવાના રહેશે.*

***(૪) સભ્યપદ માટેની ફી - રકમ :-*** *આ યોજનામાં સભ્ય થનારે સભ્યપદ માટેના ફોર્મમાં દર્શાવેલ રજીસ્ટ્રેશન ફી, સભ્ય ફી, એડવાન્સ ડેથ ફંડ કોન્ટ્રીબ્યુશન (ADFC) ની રકમ સાથે સભ્યપદના ફોર્મમાં દર્શાવેલ આવશ્યક પૂરાવા આપવાના રહેશે. ઉપરોક્ત સભ્ય ફીની કુલ રકમ તા. ૩૧-૦૩-૨૦૧૬ સુધીમાં સભ્ય થનાર માટે જ લાગુ રહેશે, અને આ તમામ સભ્યોને* ***"નવગામ સુરક્ષા સ્કીમ (NSS)"*** *નો લાભ તા. ૦૧-૦૪-૨૦૧૬ બાદ મળી શકશે.*

*તા. ૦૧-૦૪-૨૦૧૬ બાદ, થનાર નવિન સભ્ય માટે નીચે દર્શાવેલ રજીસ્ટ્રેશન ફી, સભ્ય ફી, એડવાન્સ ડેથ ફંડ કોન્ટ્રીબ્યુશન (ADFC) રકમ* ***તા. ૦૧-૧૧-૨૦૧૬ થી તા. ૩૧-૧૨-૨૦૧૬ દરમ્યાન*** *જ ભરવાની રહેશે, અને આ યોજનાનો તેમના માટેનો લાભ* ***"નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" તા. ૦૧-૦૪-૨૦૧૭ થી અમલી બનશે. પ્રતિવર્ષ ૦૧ નવેમ્બરથી ૩૧ ડિસેમ્બર દરમ્યાન આ યોજનામાં સભ્યોની નોંધણી કરવામાં આવશે.***

| ઉંમર | રજી. ફી | સભ્ય ફી વર્ષ ૨૦૧૭ માટે | સભ્ય ફી વર્ષ ૨૦૧૮ માટે | સભ્ય ફી વર્ષ ૨૦૧૯ માટે | ADFC રકમ |
|---|---|---|---|---|---|
| પ્રવેશ વખતે ૧૦ વર્ષથી ૩૦ વર્ષ | ૧૦૦/- | ૫૦૦/- | ૫૦૦/- | ૫૦૦/- | ૧૦૦૦/- |
| પ્રવેશ વખતે ૩૧ વર્ષથી ૪૦ વર્ષ | ૧૦૦/- | ૧૦૦૦/- | ૨૦૦૦/- | ૩૦૦૦/- | ૧૦૦૦/- |
| પ્રવેશ વખતે ૪૧ વર્ષથી ૫૦ વર્ષ | ૧૦૦/- | ૨૦૦૦/- | ૪૦૦૦/- | ૬૦૦૦/- | ૧૦૦૦/- |
| પ્રવેશ વખતે ૫૧ વર્ષથી ૬૦ વર્ષ | ૧૦૦/- | ૪૦૦૦/- | ૮૦૦૦/- | ૧૦૦૦૦/- | ૧૦૦૦/- |

***ઉપરોક્ત સભ્યફીની રકમમાં ત્યારબાદના પ્રત્યેક વર્ષે જ્ઞાતિના આ યોજના માટેનાં ભંડોળની યોગ્ય સમીક્ષા બાદ, ઉત્તરોત્તર[illegible]વામાં આવશે.***

*(૫) નવા સભ્યનું રીસ્ક કવર (જોખમ શરૂ) થાય તે પહેલા જે તે સભ્યનું અવસાન થશે તો તે માટે જ્ઞાતિ તરફથી કોઈ જ રકમ* ***"નવગામ સુરક્ષા સ્કીમ"*** *હેઠળ ચુકવવામાં આવશે નહીં.*

***(૬) યોજનાના સભ્યને મળતી "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" રકમ :-*** *આ યોજના હેઠળ સભ્ય થનાર પૈકી તા. ૦૧-૦૪-૨૦૧૬ બાદ અવસાન પામેલ સભ્યના નિયુક્ત પ્રથમ નોમીનીને* ***"નવગામ સુરક્ષા સ્કીમ (NSS)"*** *નીચે મુજબની રકમ ચૂકવવામાં આવશે.*

***યોજનામાં નોંધાયેલ સભ્યો X સભ્યદીઠ રકમ રૂા. ૨૫૦/- = રકમ, બાદ : NSS કોર્પસ ફંડ ૧૦% રકમ કાપીને થતી બાકીની રકમ = ચુકવવાની રકમ***
***જ્ઞાતિ સમાજ દ્વારા સભ્યો માટે ગૃપ એક્સીડન્ટ પોલીસી અલગથી વિમા કંપની પાસેથી લેવામાં આવેલ હશે, અને જો કોઈ સભ્યનું એક્સીડન્ટથી મૃત્યુ થયેલ હશે, તો વિમા કંપની તરફથી એક્સીડન્ટ ક્લેઈમની મળેલ રકમમાંથી ૭૫% રકમ મૃત્યુ પામેલ સભ્યના નોમીનીને અલગથી ચૂકવવામાં આવશે, અને બાકીની ૨૫% રકમ જ્ઞાતિના કોર્પસ ફંડમાં જમા લેવામાં આવશે, જે અંગેનો જ્ઞાતિની આ માટેની કમીટીએ લીધેલ નિર્ણય સર્વેને બંધનકર્તા રહેશે.***

***(૭) પ્રત્યેક વર્ષે ડેથ ફંડ કોન્ટ્રીબ્યુશન (DFC) હેઠળ ભરવા પાત્ર રકમ :-*** **(A)** *આ યોજના હેઠળ પ્રથમ વર્ષ એટલે તા. ૦૧-૦૪-૧૬ થી તા. ૩૧-૦૩-૧૭ દરમ્યાન અવસાન પામેલ સભ્યોની સંખ્યા X અવસાન પામેલ સભ્ય દીઠ રૂા. ૨૫૦/- લેખેની કુલ રકમ, એટલે કે આ વર્ષ દરમ્યાન અવસાન પામેલ ૪ સભ્યો માટેની* ***DFC ફાળાની રકમ ૪X ૨૫૦/- લેખે કુલ રૂા. ૧૦૦૦/- આગામી વર્ષની તા. ૦૧-૦૪-૧૭ થી તા. ૩૧-૦૫-૧૭ દરમ્યાન દરેક સભ્યે ભરવાની રહેશે.*** **(B)** *ઉપરોક્ત તારીખ બાદ, વધુમાં વધુ ૧ માસ દરમ્યાન એટલે કે તા. ૩૦૦૬-૨૦૧૭ સુધીમાં DFC ફાળાની રકમ + રૂા. ૩૦૦/- લેટ ફી તરીકે ભરવાની રહેશે.* **(C)** *તા. ૩૦-૬-૨૦૧૭ સુધીમાં DFC ની રકમ નહીં ભરનાર સભ્યનું આપોઆપ સભ્યપદ રદ થયેલ ગણાશે, અને તેને* ***"નવગામ સુરક્ષા સ્કીમ (NSS)"*** *હેઠળની રકમનો લાભ મળશે નહીં. આ સ્કીમ અમલમાં આવ્યા બાદ પ્રત્યેક વર્ષે ઉપર મુજબની તારીખ આપોઆપ અમલી ગણાશે.* **(D)** *સમયસર DFC ની રકમ નહીં ભરનાર સભ્યનું નામ રદ થયેથી, તેણે અગાઉ ભરેલ કોઈપણ રકમ પરત કે મજરે આપવામાં આવશે નહીં, અને તેણે નવેસરથી સભ્ય થવા માટે જે તે વર્ષ દરમ્યાન નિયત કરાયેલ રજીસ્ટ્રેશન ફી + સભ્ય ફી + ADFC ની રકમ નિયત સમયે ભરવાની રહેશે.* **(E)** *DFC હેઠળની ભરવાપાત્ર રકમ પ્રત્યેક નાણાકીય વર્ષના પ્રથમ સપ્તાહમાં એટલે એપ્રિલ માસના પ્રથમ સપ્તાહમાં પત્ર, ઈમેલ, એસ.એમ.એસ., વોટ્સઅપ મારફતે કમીટી દ્વારા સભ્યને જાણ કરવામાં આવશે.* **(F)** *પોતાનું સભ્યપદ ટકાવી રાખવા માટે, DFC હેઠળની રકમ સભ્યે જાતે જ જ્ઞાતિ દ્વારા ખોલાવાયેલ બેંકના ખાતામાં ડાયરેક્ટ અગર, જ્ઞાતિ દ્વારા જણાવાયેલ જ્ઞાતિ સભ્યને ચેક-ડ્રાફ્ટ દ્વારા પહોંચાડીને, તેની પાવતી અચૂક મેળવી લેવાની રહેશે અને તે માટે તેની અંગત જવાબદારી રહેશે.*

***(૮) "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" હેઠળ ક્લેઈમની પ્રક્રિયા :-*** *આ યોજના હેઠળ, નોંધાયેલ સભ્યના અવસાન બાદ,* ***"નવગામ સુરક્ષા સ્કીમ (NSS)"*** *હેઠળ ક્લેઈમ નોંધાવવા માટેની પ્રક્રિયામાં નીચે મુજબ રહેશે.* **(A)** ***ઓરીજીનલ "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" સર્ટીફીકેટ, મરણ અંગેનું ઓરીજીનલ ડેથ સર્ટીફીકેટસ, "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" ક્લેઈમ ફોર્મ*** *ની પાછળ રૂા. ૧/- ની રેવન્યુ સ્ટેમ્પ લગાવીને, પ્રથમ નોમીની સહી કરાવીને, તથા સાક્ષી તરીકે કુટુંબ સિવાયના, NSS ના કોઈપણ સભ્યની સહી કરાવીને મોકલવાનું રહેશે.* **(B)** *પ્રથમ નોમીનીના બેંક એકાઉન્ટની વિગત જો ક્લેઈમ ફોર્મમાં દર્શાવેલ હશે તો તેમને જ્ઞાતિ દ્વારા ડાયરેક્ટ, બેંક ખાતામાં જમા આપવામાં આવશે, અગર જ્ઞાતિની અનુકુળતા મુજબ "એકાઉન્ટ પેયી" ચેક અગર ડ્રાફ્ટથી ચૂકવવામાં આવશે.* **(C)** ***"નવગામ સુરક્ષા સ્કીમ (NSS)"*** *ક્લેઈમ ફોર્મ, ઓરીજીનલ NSS સર્ટીફીકેટ તથા તેના આવશ્યક પૂરાવા જ્ઞાતિમાં જમા કરાવ્યા બાદ,* ***૩૦ થી ૪૫ દિવસની અંદર જ્ઞાતિ દ્વારા NSS રકમ ચૂકવવામાં આવશે.***

***(૯) "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" ના વહીવટ બાબત :-*** *જ્ઞાતિની તા. ૦૩-૦૧-૨૦૧૬ની સામાન્ય સભામાં* ***"નવગામ સુરક્ષા સ્કીમ (NSS)"*** *યોજના મંજુર થયેલ છે તે મુજબ આ યોજનાનો વહીવટ ૧૦ (દસ) વર્ષની મુદત માટેની, સ્વાયત્ત બોડી* ***"નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" કમીટી*** *દ્વારા જ કરવામાં આવશે. જેમાં નીચેના સભ્યોની નિમણુંક કરવામાં આવેલ છે.* ***નીચેના સભ્યો ઉપરાંત પ્રમુખશ્રી, મંત્રીશ્રી, ખજાનચીશ્રી તેમના હોદ્દાની રૂએ, હોદ્દાની મુદત સુધી કમીટીના સભ્યો ગણાશે.***

*૧. શ્રી રજનીકાંત વ્રજલાલ પરીખ   ૨. શ્રી શૈલેષભાઈ ચીમનલાલ શાહ   ૩ શ્રી કમલેશભાઈ દશરથલાલ પરીખ*
*૪. શ્રી સમીરભાઈ નવિનચંદ્ર ગાંધી   ૫. શ્રી ધર્મેશભાઈ ગોવિંદલાલ શાહ   ૬. શ્રી ભગવાનભાઈ મણીલાલ શાહ   ૭. શ્રી રાજેન્દ્રભાઈ માણેકલાલ શાહ*

*(૧૦) "નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" માં ફેરફાર બાબત :-*
*"નવગામ સુરક્ષા સ્કીમ (NSS)" માં વહીવટી નીતિ નિયમો ઉપરોકત કમીટી નક્કી કરશે, જે દરેક સભ્યને લાગુ પડશે, અને તેનો અમલ નહીં કરનાર સભ્યનું સભ્યપદ આ કમીટી રદ કરી શકશે.*

**આથી હું જાહેર કરૂં છું કે, આ ફોર્મમાં જણાવેલ અને ટ્રસ્ટ / જ્ઞાતિ દ્વારા નવગામ સુરક્ષા સ્કીમ અને સભ્યોના વિશાળ હિતમાં લેવાયેલ વખતો વખતના નિર્ણયો અને ફેરફારો મને કબૂલ મંજૂર અને બંધનકર્તા રહેશે.**

**તારીખ :** ____________________   **સભ્ય/વાલીની સહી** ____________________